# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

Ref no. PN 2025-26/136 Dt. 13/09/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા 'સંસ્કૃતિ' – ધ મેગા આર્ટ ફેસ્ટીવલ' અંતર્ગત 'આર્ટ્સ' પર પેનલ ડિસ્કશન યોજાયું

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા આયોજિત 'સંસ્કૃતિ' – ધ મેગા આર્ટ ફેસ્ટીવલ' દરમ્યાન તા. ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ બપોરે ૨:૦૦ કલાકે પ્લેટિનમ હોલ, સરસાણા, સુરત ખાતે આર્ટ્સ પર પેનલ ડિસ્કશન યોજાયું હતું, જેમાં શ્રી સૌરભ દેસાઇ, સુશ્રી વૈશાલી ગોહિલ, સુશ્રી ત્વીશા શુકલ અને ડો. જસ્મીન કૌરે પેનલિસ્ટ તરીકે આર્ટ્સ વિષે પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા અને એક સર્જનાત્મક દૃષ્ટિકોણથી કલાને સમાજમાં કેવી રીતે મહત્વની ભૂમિકા ભજવવી જોઈએ તે અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, 'સંસ્કૃતિ – ધ મેગા આર્ટ ફેસ્ટીવલ'એ ઉદ્યોગ સાહસિકો, કલાકારો, વિદ્યાર્થીઓ અને અન્ય રુચિ ધરાવતા લોકોને એકત્રિત કરીને કલા, સંસ્કૃતિ અને હેન્ડીક્રાફટ ક્ષેત્રે નવા વિચારો રજૂ કરવાની તક આપી હતી. પેનલ ડિસ્કશન દ્વારા આર્ટ્સ ક્ષેત્રમાં નવી દિશા અને પ્રેરણા મળી હતી, જેનાથી યુવાઓને સર્જનાત્મક ક્ષેત્રમાં આગળ વધવાની તક મળી હતી. 'સંસ્કૃતિ' એ યુવા પ્રતિભા અને સર્જનાત્મક વિચારધારા ધરાવતા લોકો માટે એક સકારાત્મક માધ્યમ બની રહ્યું હતું.

શ્રી સૌરભ દેસાઇએ જણાવ્યું હતું કે, 'આર્ટ્સ' એ માત્ર સર્જનાત્મક અભિવ્યક્તિ નથી પણ તે સમાજને સંદેશ આપવા માટેનું એક શક્તિશાળી માધ્યમ છે, જેના દ્વારા સમાજના વિવિધ મુદ્દાઓને પ્રસ્તુત કરી શકાય છે.

સુશ્રી વૈશાલી ગોહિલે જણાવ્યું હતું કે, યુવાનોમાં કલાત્મક પ્રતિભા પ્રેરિત કરવા માટે આવા પ્લેટફોર્મ્સ ખુબ જરૂરી છે, જેનાથી તેઓ પોતાની પ્રતિભા રજૂ કરી શકે છે અને નવા વિચારોને આગળ વધારી શકે છે.

સુશ્રી ત્વીશા શુકલે જણાવ્યું કે, આર્ટ્સ એ માનવ સંસ્કૃતિનું અભિન્ન અંગ છે, જે વ્યક્તિગત તેમજ સામાજિક વિકાસમાં યોગદાન આપે છે. ફેશન, પેઈન્ટિંગ, હેન્ડીક્રાફ્ટ્સ, મ્યુઝિક અને અન્ય ક્રિએટિવ એક્ટિવિટીઝ દ્વારા વ્યક્તિ પોતાનું વ્યક્તિત્વ અને સંદેશ સ્પષ્ટપણે રજૂ કરી શકે છે.

ડો. જસ્મીન કૌરે જણાવ્યું કે, આર્ટ્સ માત્ર મનોરંજન માટે નથી, પરંતુ એ સમાજને જાગૃત કરવા અને સમાજની વિવિધ સમસ્યાઓ પર ચર્ચા કરવાનો એક અનોખો માર્ગ છે. શિક્ષણ અને કલાનું સંયોજન સમાજના સર્વાંગી વિકાસ માટે જરૂરી છે.

ચેમ્બરની આર્ટ, કલ્ચર અને હેન્ડીક્રાફ્ટ કમિટીના કો–ચેરપર્સન સુશ્રી વનિતા રાવતે પેનલ ડિસ્કશનમાં મોડરેટર તરીકે ભૂમિકા ભજવી હતી. કમિટીના સભ્ય સુશ્રી માનસી વિરાણીએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. જ્યારે કમિટી સભ્ય શ્રી વૈભવ સુતરિયાએ ઉપસ્થિત સર્વેનો આભાર માની પેનલ ડિસ્કશનનું સમાપન કર્યું હતું. આ પેનલ ડિસ્કશનમાં ચેમ્બરની આર્ટ, કલ્ચર અને હેન્ડીક્રાફ્ટ કમિટીના ચેરપર્સન શ્રીમતી સ્વાતિ શેઠવાલા, કો–ચેરપર્સન શ્રીમતી કૃતિકા શાહ, કમિટી સભ્યો સુશ્રી નિમિષા પારેખ અને શ્રીમતી રોશની ટેલર તથા યુવાઓ ઉપસ્થિત રહયા હતા.